### ખાનગી શાળાના સંચાલકો આડેધડ ફી વસૂલી શકશે નહીં

# ખાનગી શાળાઓ ફી વધારી શકે છે પણ અતિશય નહીં : ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો

**ફી નિર્ધારિત કરતી વખતે ફી રેગ્યુલેટરી કમિટીએ ફુગાવાના દરને ધ્યાનમાં રાખીને ફી વધારાની માંગણી નક્કી કરવાની રહેશે**

અમદાવાદ, તા.૨૨
રાજ્યમાં ખાનગી સ્કૂલની ફી વધારા બાબતે આજે ગુજરાત હાઈકોર્ટે મહત્વપૂર્ણ ચૂકાદો આપ્યો છે. હાઈકોર્ટે નોંધ્યું છે કે હવે ખાનગી શાળાઓ વિધાર્થીઓની ફી વધારી શકે છે. પરંતુ ખાનગી શાળાઓ અતિશય ફી વસૂલી નહિ શકે. ખાનગી શાળાઓ નફાખોરી નહિ કરી શકે. ભવિષ્યના ડેવલોપમેન્ટ માટેની ફી અંગે કેસ ટુ કેસ નિર્ણય લેવાશે. સ્કૂલોમાં આપવામાં આવતી સુવિધાઓ મામલે ફી વસૂલી શકે છે. ખાનગી શાળાઓ પ્રવેશ ફી, સત્ર ફી અને ટ્યુશન ફી લઈ શકે છે. હાઈકોર્ટે જણાવ્યું છે કે, શિક્ષકોના પગાર અને ઈક્રીમેન્ટ મુદ્દે હ્વઈઝ તપાસ વિના નિર્ણય નહિ કરે. હ્વષ્ઠિ ખાનગી શાળાની લિઝ અને રેન્ટનો ખર્ચ નકારી નહિ શકે. હ્વષ્ઠિ પૂરતા વેરિફિકેશન વગર ખાનગી શાળાનો ક્લેમ પણ નકારી નહિ શકે. ખાનગી શાળાઓના શિક્ષણ ફી મુદ્દે ગુજરાત હાઈકોર્ટે અવલોકન કરતાં જણાવ્યુ કે ખાનગી શાળાઓ મર્યાદામાં રહીને વિધાર્થીઓની ફી વધારી શકે છે. પરંતુ કોઈ પણ ખાનગી શાળાના સંચાલકો આડેધડ અને મસમોટી ફી વસૂલી શકશે નહીં. શાળાની સુવિધાને અનુરૂપ સ્કૂલ ફીમાં આંશિક વધારો સંચાલકો કરી શકે છે તે અંગેનો ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો જાહેર કર્યો છે.

ગુજરાત હાઈકોર્ટના ચુકાદોના મહત્વપૂર્ણ અવલોકનોઃ - ખાનગી શાળાઓ નફાખોરી કરી શકશે નહી - ખાનગી શાળાઓ અતિશય વધારે ફી વસૂલી શકશે નહીં.



ગુજરાત સાહિત્ય અકાદમીના નવનિયુક્ત અધ્યક્ષ ભાગ્યેશ જહા અને મહામાત્ર ડો.જયેન્દ્રસિંહ જાદવે આજે હોદ્દાનો કાર્યભાર સંભાળ્યો ત્યારે અકાદમીના કર્મચારી પરિવારે ઉમંગભેર બન્ને મહાનુભાવોને આવકાર આપ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, ગઈકાલે સાંજે અકાદમીના અધ્યક્ષપદે જાણીતા સર્જક અને કોલમિસ્ટ ભાગ્યેશ જહા અને મહામાત્રપદે પ્રાધ્યાપક ડોકટર જયેન્દ્રસિંહ જાદવની નિમણૂંકના હુકમો કરાયા હતા. જેને સાહિત્ય જગતમાં ભારે આવકાર મળ્યો હતો. દિવસ દરમિયાન અનેક સર્જકોએ રૂબરૂ આવીને બન્ને મહાનુભાવોને આવકાર્યા હતા અને શુભેચ્છા પાઠવી હતી.

### શિવરાજપૂર બીચ ખાતે પ્રવાસન વિભાગ દ્વારા

# બે ફેઈઝમાં અંદાજે રૂપિયા ૧૩૫ કરોડના કામો સાથે પ્રોજેક્ટ્સ ધરાયા

**૨૩.૪૩ કરોડના પ્રથમ ફેઇઝના પ્રોજેક્ટની ૫૬ ટકા કામગીરી પૂર્ણ**



ગાંધીનગર, તા.૨૨
મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે દેવભૂમિ દ્વારકા જિલ્લાના મનોહર અને શાંત દરિયા કિનારે આવેલા શિવરાજપૂર બીચ માં પ્રવાસન વિભાગ દ્વારા હાથ ધરાઈ રહેલા પ્રવાસન-યાત્રી સુવિધાના કામોની પ્રગતિનું જાતનિરીક્ષણ કર્યુ હતું. પર્યટન, પ્રવાસન અને સલામતીને ધ્યાને રાખીને બ્લ્યૂ ફ્લેગના વૈશ્વિક ધોરણો અન્વયે શિવરાજપૂર બીચને પ્રવાસન વિભાગ વિકસીત કરી રહ્યો છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ શુક્રવારે દ્વારકાધિશ મંદિરમાં અર્ચન-દર્શન કર્યા બાદ શિવરાજપૂર બીચ પહોચ્યા હતા. તેમણે શિવરાજપૂર ખાતે અંદાજે રૂ. ૨૩.૪૩ કરોડના ખર્ચે ફેઈઝ-૧ અંતર્ગત અરાઈવલ પ્લાઝા, સાઈકલ ટ્રેક, પ્રોમોનેડ, પાથ-વે, પીવાના પાણી, ટોઈલેટ બ્લોક સુવિધા વગેરેના જે કામો હાથ ધરાવાના છે તે પૈકીના પ્રગતિ હેઠળના કામોની કામગીરીનું નિરીક્ષણ કર્યુ હતું. પ્રવાસન સચિવ શ્રી હારિત શુકલાએ આ તકે મુખ્યમંત્રીને શિવરાજપૂર ડેવલપમેન્ટની વિગતો આપતાં કહ્યું કે, ફેઈઝ-૧ ના કામો પૈકી ૫૬ ટકા કામો પૂર્ણ થઈ ગયા છે. સમગ્રતયા પ્રવાસન સુવિધાના કુલ અંદાજે ૧૩૫ કરોડના વિવિધ કામો શિવરાજપૂરમાં હાથ ધરવામાં આવી રહ્યા છે તેમ પ્રવાસન સચિવે મુખ્યમંત્રીને જણાવ્યું હતું

### અમદાવાદ કોર્પોરેશનમાં સૌથી વધુ ૩૨૪ કેસ નોંધાયા

# રાજ્યમાં કોરોનાના નવા ૮૮૪ કેસ નોંધાયા

**૫૨૭૯ એક્ટિવ કેસ છે, જેમાંથી ૦૯ દર્દી વેન્ટિલેટર ઉપર છે તો ૫૨૭૦ દર્દી સ્ટેબલ**

ગાંધીનગર, તા.૨૨
રાજ્યમાં આજે કોરોના કેસમાં આજે ફરી કેસમાં વધારો થયો છે. હાલ પણ રાજ્યમાં કોરોનાના ૮૮૪ કેસ નોંધાયા છે. જ્યારે કોરોના સંક્રમણથી ૭૭૦ દર્દીઓ સાજા થયા છે. રાજ્યમાં કોરોનાથી આજે ત્રણ દર્દીઓનું મોત થયા છે. આ સાથે કોરોનાનો રિકવરી રેટ ઘટીને ૯૮.૭૦ ટકા થઈ ગયો છે.

રાજ્યમાં હાલ કુલ દર્દીઓની વિગતો જોઈએ તો રાજ્યમાં હાલ ૫૨૭૯ એક્ટિવ કેસ છે. જેમાંથી ૦૯ દર્દી વેન્ટિલેટર પર છે. જ્યારે ૫૨૭૦ દર્દીઓ સ્ટેબલ છે. રાજ્યમાં કોરોનાને અત્યાર સુધીમાં કુલ ૧૨,૩૦,૪૭૦ દર્દીઓ મ્હાત આપી ચુક્યાં છે. જ્યારે રાજ્યમાં કોરોના વાયરસને કારણે કુલ ૧૦,૯૫૯ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે.

જોકે, જિલ્લા અને કોર્પોરેશન મુજબ કોરોના કેસની વાત કરવામાં આવે તો અમદાવાદ કોર્પોરેશનમાં સૌથી વધુ ૩૨૪ કેસ નોંધાયા છે અને એકનું મોત થયું છે, જ્યારે વડોદરા કોર્પોરેશનમાં ૬૯, સુરત કોર્પોરેશનમાં ૫૧ અને એકનું મોત થયું છે, મહેસાણામાં ૪૯, ગાંધીનગર ૪૪, કચ્છ ૩૭, ગાંધીનગર કોર્પોરેશનમાં ૩૫, રાજકોટ કોર્પોરેશનમાં ૨૫, સુરત ૨૧, પાટણ ૨૦, રાજકોટ ૨૦, આણંદ, સાબરકાંઠા અને વલસાડમાં ૧૫-૧૫-૧૫ કેસ નોંધાયા છે. ભાવનગર કોર્પોરેશનમાં ૧૪ કેસ અને એકનું મોત થયું છે. નવસારીમાં ૧૪, બનાસકાંઠામાં ૧૩, ભરૂચ ૧૧, દેવભૂમિ દ્વારકા ૧૧, જામનગર કોર્પોરેશનમાં ૧૦ અને સુરેન્દ્રનગરમાં ૧૦ એમ કુલ ૮૮૪ કેસ નોંધાયા છે.

જો રસીકરણની વાત કરવામાં આવે તો રાજ્યમાં આજે સાંજે ૫ વાગ્યા સુધીમાં કુલ ૩,૪૭,૪૫૯ લોકોને રસીના ડોઝ આપવામાં આવ્યા છે. રસીકરણના મોરચે પણ સરકાર મજબુતીથી લડી રહી છે. રાજ્યમાં ૧૮ વર્ષથી વધારેની ઉંમરના ૨૫૮૭ ને રસીનો પ્રથમ અને ૬૭૧૭ લોકોને રસીનો બીજો ડોઝ આપવામાં આવ્યો છે. ૧૫-૧૭ વર્ષના લોકો પૈકી ૨૨૫ ને રસીનો પ્રથમ અને ૧૧૭૮ ને રસીનો બીજો ડોઝ આપવામાં આવ્યો છે. જ્યારે ૪૦૩૨૭ લોકોને પ્રીકોર્શન ડોઝ આપવામાં આવ્યો છે. ૧૨-૧૪ વર્ષના લોકો પૈકી ૨૧૮૮ ને રસીનો પ્રથમ અને ૩૨૩૬ ને રસીનો બીજો ડોઝ અપાયો હતો. ૧૮-૫૯ વર્ષના લોકોને ૨૯૧૦૦૧ પ્રીકોશન ડોઝ આપવામાં આવ્યા છે. અત્યાર સુધીમાં કુલ ૧૧,૩૩,૯૦,૨૧૪ રસીના ડોઝ આપવામાં આવ્યો છે.

# તીર્થ ક્ષેત્ર દ્વારકામાં અર્ચન-પૂજન કરતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ



ગાંધીનગર, તા.૨૨
મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સુપ્રસિદ્ધ તીર્થ ક્ષેત્ર દ્વારકામાં દ્વારકાધિશ મંદિરમાં શ્રધ્ધાપૂર્વક અર્ચન-પૂજન કર્યા હતા. મુખ્યમંત્રીએ સૌ નાગરિકોના આરોગ્ય સુખાકારી, સમૃદ્ધિ, સલામતિ અને રાજ્યની ઉત્તરોત્તર પ્રગતિ તેમજ અવિરત વિકાસ માટે



ભગવાન દ્વારકાધિશને પ્રાર્થના કરી હતી. ભૂપેન્દ્ર પટેલનું દ્વારકાધિશ મંદિર પરિસરમાં મંદિર ટ્રસ્ટીઓ, પૂજારીઓ તથા યાત્રિકોએ અભિવાદન કર્યુ હતું.

### કોંગ્રેસના પ્રદેશ પ્રમુખના નિવેદન ઉપર રાજકારણ ગરમાયું

# બજરંગદળના કાર્યકરોએ કોંગ્રેસ કાર્યાલયનું નામ હજ હાઉસ કર્યું

**દેશની સંપત્તિ ઉપર પહેલો હક લઘુમતીઓનો હોવાના નિવેદનને એક કાર્યક્રમમાં જગદીશ ઠાકોરે ટાંકતાં વિવાદ**

અમદાવાદ, તા.૨૨
કોંગ્રેસ માઈનોરિટી સેલના કાર્યક્રમ દરમિયાન બુધવારે કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ જગદીશ ઠાકોરે લઘુમતી વર્ગ અંગે એક નિવેદન આપ્યું હતું. આ નિવેદન બાદ ગુજરાતનું રાજકારણ ગરમાયું છે તથા ભાજપ ઉપરાંત હિંદુ સંગઠનો પણ મેદાનમાં ઉતરી આવ્યા છે.

બજરંગ દળના કાર્યકરોએ ગુરૂવારે અમદાવાદ કોંગ્રેસની ઓફિસે પહોંચીને તેનું નામકરણ કરીને વિરોધ દર્શાવ્યો હતો. કાર્યકરોએ કોંગ્રેસ ઓફિસની દીવાલો પર પોસ્ટર્સ લગાવ્યા હતા જેમાં લખ્યું હતું કે, 'આજથી આ કાર્યાલયનું નામ ગુજરાત કોંગ્રેસ સમિતીથી બદલીને હજ હાઉસ રાખેલ છે.' કોંગ્રેસ કાર્યાલય ખાતે પોસ્ટર્સ લગાવવા ઉપરાંત કાર્યકરોએ પાર્ટી ઓફિસની બહાર 'સદભાવના સંમેલન'નું એક બેનર હતું તેના સાથે પણ છેડછાડ કરી હતી. તેમણે એક બેનરમાં નવા નિમાયેલા કાર્યકારી પ્રમુખોને શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી તેમાં કોંગ્રેસ નેતાઓની તસ્વીરો પર કાળી સ્યાહી ફેરવી દીધી હતી. રાજીવ ગાંધી ભવનની દીવાલો પર પણ કાળા રંગથી 'હજ હાઉસ' લખી દેવામાં આવ્યું હતું.

બજરંગ દળના કાર્યકરોએ પરિસરમાં લાગેલી દેશના પૂર્વ વડાપ્રધાન રાજીવ ગાંધીની પ્રતિમા પર પણ 'હજ હાઉસ' લખેલું લીલા રંગનું સ્ટીકર લગાવી દીધું હતું. આ મામલે બજરંગ દળના પ્રવક્તાએ કોંગ્રેસ મુસ્લિમોની પાર્ટી હોવાથી તેમણે કાર્યાલયનું નામ હજ હાઉસ રાખ્યું તે અર્થનું નિવેદન આપ્યું હતું. આ સમગ્ર ઘટના બાદ શુક્રવારે સવારે તમામ પોસ્ટર્સ વગેરે દૂર કરીને ડેમેજ કંટ્રોલ કર્યું હતુ અને બજરંગ દળ દ્વારા લખવામાં આવેલા લખાણો પર ફરી સફેદ રંગ કરવામાં આવ્યો હતો. જગદીશ ઠાકોરે સદભાવના સંમેલન દરમિયાન દેશના પૂર્વ વડાપ્રધાન મનમોહન સિંહના એક નિવેદનને ટાંકીને કહ્યું હતુ કે, 'કોંગ્રેસના પૂર્વ પ્રધાનમંત્રી મનમોહન સિંહે ડંકાની ચોટ પર કહ્યું હતું કે દેશની સંપત્તિ પર પહેલો હક લઘુમતીઓનો છે.'

# ગુજરાતમાં નેશનલ ગેમ્સનો લોગો જાહેર કરવામાં આવ્યો

**છેલ્લા કેટલાક સમયથી વિવિધ કારણોસર સ્થગિત રહેલી નેશનલ ગેમ્સ આ વર્ષે સપ્ટેમ્બર-ઓક્ટોબરમાં યોજાશે**

ગાંધીનગર, તા.૨૨
આગામી ૨૭મી સપ્ટેમ્બરથી ૧૦મી ઓક્ટોબર દરમિયાન ગુજરાતમાં નેશનલ ગેમ્સનું આયોજન થવાનું છે. ત્યારે આ માટેનો લોગો જાહેર કરી દેવામાં આવ્યો છે. ગાંધીનગર ખાતે નેશનલ ગેમ્સ માટેના એમઓયુ સાઈનીંગ તથા લોગો લોન્ચિંગ માટે એક કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, યુવા અને સંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગના મંત્રી હર્ષ સંઘવી વગેરે ઉપસ્થિત રહ્યા હતા અને નેશનલ ગેમ્સ માટેનો લોગો જાહેર કરવામાં આવ્યો હતો.




છેલ્લા કેટલાક સમયથી વિવિધ કારણોસર સ્થગિત રહેલી નેશનલ ગેમ્સ આ વર્ષે સપ્ટેમ્બર-ઓક્ટોબરમાં ગુજરાતમાં યોજાશે. ભારતીય ઓલિમ્પિક સંઘે જાહેરાત કરી હતી કે, અમદાવાદ સહિતના શહેરોમાં વિવિધ રમતોની સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવશે.

ગુજરાત ઓલિમ્પિક એસોસિએશન અને ગુજરાત સરકારે નેશનલ ગેમ્સના આયોજન માટે રસ દાખવ્યો હતો. જેના કારણે ભારતીય ઓલિમ્પિક સંઘે નેશનલ ગેમ્સની યજમાની ગુજરાતને સોંપવાનો નિર્ણય લીધો હતો. આ રમતોત્સવમાં દેશભરના ૨૫,૦૦૦થી પણ વધારે રમતવીરો સહભાગી બનશે.

# એચડીએફસી બેંકે નાણાકીય વર્ષ ૨૦૨૨માં સીએસઆર પાછળ રૂ. ૭૩૬ કરોડ ખર્ચ્યા

અમદાવાદ તા.૨૨
એચડીએફસી બેંક માર્ચ ૨૦૨૨માં પૂર્ણ થયેલા નાણાકીય વર્ષ દરમિયાન દેશમાં સીએસઆર પાછળ સૌથી વધુ ખર્ચ કરનારી બેંકોમાં સૌથી અગ્રેસર છે.તેના ઈન્ટીગ્રેટેડ એન્યુઅલ રીપોર્ટ ૨૦૨૧-૨૨માં નોંધવામાં આવ્યાં મુજબ, બેંકે આ નાણાકીય વર્ષમાં સીએસઆરની વિવિધ પહેલ પાછળ રૂ. ૭૩૬ કરોડ ખર્ચ્યા હતા, જે અગાઉના વર્ષની સરખામણીએ ૧૫.૯૨%નો વધારો થયો હોવાનું સૂચવે છે. આ ઉપરાંત, બેંક ૯.૬ કરોડથી પણ વધારે લાભાર્થીઓ સુધી પહોંચી તેમના જીવનમાં ઘણું મોટું પરિવર્તન લાવી છે. એચડીએફસી બેંક સીએસઆર માટેની તેની પ્રમુખ બ્રાન્ડ પરિવર્તન મારફતે તે જે સમુદાયોમાં સંચાલન કરે છે, તે સમુદાયોના લોકોના જીવનની ગુણવત્તામાં તફાવત લાવવા માંગે છે. પરિવર્તન હેઠળની બેંકની વિવિધ પહેલ પર એક બોર્ડના સ્તરની સીએસઆર અને ઈએસજી કમિટી દ્વારા દેખરેખ રાખવામાં આવે છે, જે નિયમિત ધોરણે તેની પ્રગતિ પર નજર રાખે છે. આ બોર્ડ દ્વારા મંજૂર કરવામાં આવેલી વિવિધ પહેલ સરકારના મિશનો અને કાર્યક્રમોની સાથે સુસંગત છે. એચડીએફસી બેંક દેશના સામાજિક-આર્થિક વિકાસમાં યોગદાન આપવાના ઉદેશ્યની સાથે શિક્ષણ, કૌશલ્યની તાલીમ અને આજીવિકામાં વધારોકરવો, આરોગ્યની કાળજી લેવી, રમતગમત, પર્યાવરણની સ્થિરતા અને ગ્રામ્ય વિસ્તારોના વિકાસ જેવા વ્યાપક ક્ષેત્રોમાં કામ કરે છે.

# ધો -૧૨ વિજ્ઞાન પ્રવાહ સી બી એસ સી બોર્ડનુ પરિણામ જાહેર



ગાંધીનગર તા ૨૨
ધો -૧૨ વિજ્ઞાન પ્રવાહ સી બી એસ સી બોર્ડનુ પરિણામ જાહેર કરવામાં આવતા વિદ્યાર્થીઓ અને વાલીઓમાં પરિણામલક્ષી ઉત્તેજનાનો અંત આવ્યો છે. વિજ્ઞાન પ્રવાહમાં નિસર્ગ અનિલ જૈને ૫૦૦ માથી ૪૯૦ ગુણ સાથે ૯૮ ટકા પ્રાપ્ત કર્યા છે. નગરની ઉમા આટર્સ એન્ડ નાથીબા કોલેજના નિવૃત પ્રોફેસર સુધાકર શાસ્ત્રી સહીત સંસ્થા દ્વારા તેજસ્વીને બિરદાવામાં આવ્યો છે.

## ૭૯ કેસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

માણસા તાલુકામાં ધમેડા, વિહાર અને રામપુર ગામેથી કેસ મળી આવેલ છે. રામપુર ગામેથી મળેલ દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસોમાં ૪૩ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. આજે નોંધાયેલા કેસો સાથે જિલ્લામાં ૧૫૫થી વધુ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે હાલ સારવાર હેઠળ છે.

મોટાભાગના દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ હોવાથી તંત્રએ હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તે જોવા જણાવ્યુ છે. ગ્રામ્ય વિસ્તારમાં ૬૨૦૦થી વધુ લોકોને હોમ આઈસોલેટ કરવામાં આવ્યા છે.

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના નવા ૩૫ કેસ નોંધાયા છે. આજે નોંધાયેલા કેસોમાં ૧૩ મહિલા દર્દી તેમજ સે. ૨૨માં એક ૮૩ વર્ષીય વૃદ્ધાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

ગાંધીનગર શહેરમાં અગાઉની લ્હેરમાં સંવેદનશીલ બનેલ કુડાસણમાંથી ૩, રાયસણમાંથી ૪, સરગાસણમાંથી ૩, જાણીતા શૈક્ષણિક સંકુલ આઈઆઈટીમાંથી ૩, રાદેસણમાંથી ૨, સે. ૨ માંથી ૪, સે. ૨૨, ૨૯માંથી ૩-૩ કેસ, સે. ૬ માંથી ૨ કેસ ઉપરાંત સે. ૪, ૭, ૮, ૫, ૩૦, ૨૮, ૧૯ તેમજ વાવોલમાંથી પણ કેસ મળી રહેલ છે.

ગાંધીનગર શહેરમાં કોરોનાનું સંક્રમણ જે ગતિએ વધી રહ્યુ છે તેથી તંત્ર ચિંતાતુર છે તેમજ કોરોનાની ગાઈડલાઈનના પાલનમાં લોકો દ્વારા દાખવવામાં આવતી ઉદાસીનતાએ ચિંતા વધારી છે. શહેરમાં સર્વેલન્સ સઘન બનાવવા ઉપરાંત ટેસ્ટીંગના પ્રમાણમાં વધારો કરવા સૂચના સાથે જાહેર સ્થાનો પર સોશ્યલ ડિસ્ટન્સીગં જળવાઈ રહે તે માટે સૂચનાઓ આપી છે.

ગાંધીનગર શહેરમાં ઓમિક્રોનના કેસો હોવાનું મનાઈ રહ્યુ છે. હોસ્પિટલાઈઝેશન ઓછુ તથા રિકવરી રેટ વધારે હોવાથી તંત્રને થોડીક રાહત છે.

શહેરમાં આજે ૩૨ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ અપાયુ છે. શહેરમાં આજે નોંધાયેલ તમામ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. શહેરમાં આજે નોંધાયેલા દર્દીઓ સાથે એક્ટીવ કેસની સંખ્યા ૧૭૦ જેટલી થઈ છે. હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તે જોવા તાકીદ કરવામાં આવી છે.

## તરછોડ્યું

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ મામલે પોલીસે સઘન તપાસ શરૂ કરી હતી અને આસપાસના વિસ્તારના સીસીટીવી કુટેજ ચેક કર્યા હતા. નજીકમાં આવેલી દુકાનના કુટેજમાંથી રીક્ષા પસાર થઈ હોવાનું જોવા મળ્યુ હતુ. આવી જ રીક્ષા નજીકની એક કન્સ્ટ્રક્શન સાઈટ પર દેખાઈ હતી. પેટ્રોલ પંપના કેમેરામાં તે રીક્ષામાંથી ડ્રાઈવર નીચે ઉતરીને પાણીની બોટલ ભરવા જતો હોવાનું જણાયુ હતુ અને પાછળની સીટમાં એક મહિલા દેખાઈ હતી.

આ શંકાસ્પદ જણાતી રીક્ષા અંગે તપાસ કરતા જાણવા મળ્યુ હતુ કે આ રીક્ષા તારાપુરના રાજેશ સલાટની છે. આખરે પોલીસ રાજેશ સલાટના ઘરે પહોંચી હતી જ્યાંથી તેની પત્નિ નયના મળી આવી હતી. બાળકના જન્મ સમયે નયનાએ પહેરેલા કપડાં પણ પોલીસે તેના ઘર પરથી કબ્જે કર્યા છે. દંપત્તિએ પોતાનું ગુન્હો કબુલી લેતા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## વર્કશોપ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

૧-૧૦-૨૨ સુધી લાયકાત ધરાવતા તમામ મતદારોને આવરી લેવાનુ અભિયાન છે. મતદાર છુટી ના જાય તેના પર વિશેષ ભાર મુકવામાં આવ્યો છે. આ માટે આજે ખાસ વર્કશોપનું પણ આયોજન કરવામાં આવ્યુ છે.

પંચ દ્વારા આ તાલીમ માટે એક ખાસ ટીમ પંચના સિનીયર અધિકારીઓની આવી છે. પંચ દ્વારા મતદાર કાર્ડને આધાર સાથે લીંક કરવા માટે પણ હાલ કવાયત ધરી છે.

રાજ્યમાં વિધાનસભાની સામાન્ય ચૂંટણી પહેલાં મતદાર વેરીફીકેશન અને સંક્ષિપ્ત મતદાર સુધારણા ઝુંબેશની અલગ વ્યવસ્થા અમલી બનાવી પંચ ક્ષતિમુક્ત મતદારયાદીના આક્ષેપમાંથી મુક્તિ મેળવવા કટિબદ્ધ બન્યુ છે.

## ગાબડાનગર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ખોદવામાં આવી રહ્યા છે. હલા નજીવા વરસાદમાં ઠેર ઠેર ગાબડા અસ્તિત્વમાં આવી રહ્યા છે જયારે ભારે વરસાદ થશે ત્યારે નાગરિકો માટે ઠેર ઠેર જોખમી સ્થિતિ સર્જાશે કરોડોનો ટેકસ ઉઘરાવીને પણ કોર્પોરેશન નાગરિકોને પ્રાથમિક સુવિધા આપવામાં પણ નબળુ પુરવાર થયુ છે. વડાપ્રધાનને વધુમાં એડવોકેટ મેહુલ પટેલે જણાંવ્યુ છે કે મનપા અને કોન્ટ્રાકટર્સની મીલીભગતના લીધે નાગરિકો પારાવાર હાલાકી વેઠી રહ્યા હોવાનો આક્ષેપ પણ તેમણે કર્યો છે. સે-૨૯ માં પણ આડેધડ ખોદકામના લીધે નાગરિકો વાહન લઈને અવરજવર કરી શકે તે માટે રસ્તો પણ રહ્યો નથી. તેમણે જણાંવ્યા મુજબ હાઈકોર્ટે તા ૩૦ સપ્ટેમ્બર સુધી કોઈપણ પ્રકારનુ ખોદકામ નહીં કરવા માટે મનાઈ ફરમાવી છે. આમછતા મનપાના કાઉન્સિલરો કોન્ટ્રાકટરો સાથે મીલીભગત કરીને ખોદકામ કરી રહ્યા છે. આ મામલે હાઈકોર્ટના ચુકાદા મુજબ તમામ કામ બંધ કરી દેવા અને આંતરિક માર્ગોનુ ત્વરિત સમારકામ કરવા માટે પણ રજુઆતમાં જણાંવાયુ છે.

## આયાત કરવા

● અનુસંધાન પહેલાનું ચાલુ

આયાત કરે. વીજ ઉત્પાદક કંપનીઓ અને સ્વતંત્ર વીજ ઉત્પાદકો ચાલુ વર્ષમાં ૩૮ એમટી કોલસાની આયાત કરવાની યોજના ધરાવે છે.

ભારતમાં ૯ જૂને વીજળીની સૌથી વધારે ડિમાન્ડ ૨૧૧ ગીગાવોટ નોંધાઈ હતી જે એક રેકોર્ડ છે. ૨૦ જુલાઈએ દેશમાં પાવરની ડિમાન્ડ ઘટીને ૧૮૫ ગીગાવોટ નોંધાઈ હતી કારણ કે ચોમાસાના કારણે વીજળીની ખપત ઘટી છે.

સી પોર્ટથી પાવર સ્ટેશન કેટલા અંતરે આવેલું છે તેના આધારે વીજળીના ભાવમાં વધારો થશે. એનટીપીસી અને ડીવીસી દ્વારા યુનિટ દીઠ ૫૦થી ૬૦ પૈસાનો વધારો થવાની શક્યતા છે જ્યારે બીજી કંપનીઓ દ્વારા યુનિટ દીઠ ૫૦થી ૮૦ પૈસા સુધી દર વધારવામાં આવશે. સપ્ટેમ્બર સુધીમાં પરિસ્થિતિ નોર્મલ થવાની શક્યતા છે. ભારતમાં અત્યારે જે કોલસાનો સપ્લાય છે તે વીજ ઉત્પાદન માટે પૂરતો નથી. ઓગસ્ટ અને સપ્ટેમ્બરમાં સમસ્યા વધારે ગંભીર બને તેવી શક્યતા છે. ૧૫ ઓક્ટોબર સુધી સપ્લાયની તંગી રહેવાની શક્યતા છે. આયાતી કોલસાની મદદથી આ સમસ્યાનો અંત લાવી શકાશે તેમ માનવામાં આવે છે. દેશમાં દર વર્ષે હીટવેવ વખતે વીજળીની માંગમાં સૌથી વધારે ઉછાળો આવે છે. સરકારી વીજ કંપનીઓએ કોલસો ખરીદવા માટે ૩૭૦૦ કરોડની લોન મંજૂર કરાવી છે તેમાંથી ૧૮૦૦ કરોડની લોન મહારાષ્ટ્ર સ્ટેટ પાવર જનરેશન કંપની લિ. માટે છે.